## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



સાહેબ... આ જુઓ પેન્ડીંગ ફાઈલો... નવરાત્રીની રઢીયાળી રાતમાં રખડી રખડીને આપણો સ્ટાફ રેઢિયાળ થઈ ગયો છે...

# પુન્દ્રાસણના ગ્રામજનોએ ગ્રામસભાનો બહિષ્કાર કર્યો

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર તાલુકાના પુન્દ્રાસણ ગામે આજે ગ્રામસભાનો ગ્રામજનોએ બહિષ્કાર કરતાં રાજકીય સન્નાટો જિલ્લાના પંચાયતી રાજકારણમાં છવાઈ જવા પામ્યો છે.

ગ્રામજનો વતી જ સરપંચશ્રીએ લાયઝન અધિકારીશ્રી નિનામાને પાછા જવા અને ગ્રામજનોએ ગ્રામસભાનો બહિષ્કાર કર્યો હોવાનું જણાવી દીધુ હતુ. આ પછી પંચાયતના ચૂંટાયેલા સદસ્યોએ પણ પંચાયત કચેરીએ આવી તેમને પાછા જવા અને ગ્રામજનોએ બહિષ્કાર કરવાના કરેલા નિર્ણયની જાણ કરી હતી.

સવારે ૧૦ વાગે આ ગ્રામસભા યોજવામાં આવી હતી. ગામની પ્રા. શાળાના મકાન રિપેરીંગ સહિતના અનેકવિધ પડતર પ્રશ્નોના ઉકેલ નહિ આવતા હોવાથી ગ્રામજનો ગ્રામસભામાં આવવા આતુર નથી તેમ પંચાયતના પદાધિકારીઓએ જણાવ્યું હતું.

પુન્દ્રાસણ પ્રા. શાળાના મકાનમાં ચોમાસાથી થયેલ નુકશાનનો પ્રશ્ન પણ જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં કોંગ્રેસના સભ્ય જવસિંહ ચારેલે રજુ કર્યો હતો ત્યારે હૈયાધારણ આપવામાં આવી હતી. જો કે હજુ સુધી કોઈજ કાર્યવાહી થઈ ન હોવાથી ગ્રામજનોનો ગુસ્સો સાતમા આસમાને પહોંચ્યો છે.

પુન્દ્રાસણ ગામ વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોરનું ગામ પણ છે. આજે સ્વચ્છતા મિશન અંતર્ગત જિલ્લાના ૩૦૦ ગામોમાં આ ગ્રામસભાઓનું આયોજન કરાયું હતું.

જો કે આ પછી જિલ્લાતંત્ર કે તાલુકા તંત્રએ પણ કોઈ ચિંતા કરી હોય તેમ જણાતું નથી.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીએ આ ગ્રામસભાનું આયોજન કર્યુ હતુ અને તેના બધાજ અધિકારીઓ પોરબંદર રાષ્ટ્રપતિના કાર્યક્રમમાં વ્યસ્ત હતા તે પણ નોંધનીય છે.

# પોલીસતંત્ર બાદ વહીવટીતંત્રમાં ગોઠવાતો બદલીનો તખ્તો

ગાંધીનગર, તા. ૨

આગામી વિધાનસભા ચૂંટણીની કામગીરી માટે રાજયના વહીવટીતંત્રમાં ફેરફારો માટેનો તખ્તો ગોઠવાઈ રહ્યો છે. અને કેટલાક જિલ્લા કલેકટર ડી.ડી.ઓ.ની બદલીઓનો દોર ટૂંકમાં શરુ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સામાન્ય વહીવટ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આગામી ડીસેમ્બરમાં ગુજરાત વિધાનસભાની ચૂંટણી યોજાનારી છે. આ ચૂંટણીની કામગીરી માટે જરુરી સ્ટાફ ફાળવવા અને એક જ જગ્યાએ ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી ફરજ બજાવતા અધિકારીઓની બદલીઓનો નિયમ છે જેના પગલે રાજયના વહીવટી તંત્રમાં ફેરફારોનો તખ્તો ગોઠવાઈ રહ્યો છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ તાજેતરમાં જ પોલીસ તંત્રમાં કરવામાં આવેલા ધરખમ ફેરફારો બાદ હવે વહીવટીતંત્રમાં ફેરફારોની કવાયત રાજય સરકારે હાથ ધરી છે. રાજયમાં એક જ જગ્યાએ ત્રણ વર્ષ કે તેથી વધુ સમયથી ફરજ બજાવતા કેટલાક જિલ્લા કલેકટરો અને ડીડીઓ સંવર્ગના અધિકારીઓની બદલીઓનો તખ્તો ગોઠવાઈ રહ્યો છે અને ટૂંકમાં બદલી અને બઢતીનો દોર હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ આ ઉપરાંત રાજયના કેટલાક અધિક કલેકટર સંવર્ગના અધિકારીઓની બદલીઓનો પણ તખ્તો ગોઠવાઈ રહ્યો છે. ટૂંક સમયમાં આ સંવર્ગના અધિકારીઓની બદલીના હુકમો કરવામાં આવે તેવી શકયતા છે.

# સિનિયર સિટીઝન્સ કાઉન્સિલ દ્વારા વરિષ્ઠ દિનની ઉજવણી કરાઈ

ઑકટોબર ૧ વરિષ્ઠ નાગરિક દિન નિમિત્તે સિનિયર સિટીઝન્સ કાઉન્સિલ દ્વારા ધ ૫ સર્કલે પૂજ્ય રવિશંકર મહારાજની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી ,જેમાં સંસ્થાના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા. સંસ્થાના પ્રમુખે વરિષ્ઠ નાગરિક દિન અંગેની માહિતી આપી. શહેર વસાહત મહામંડળના પ્રમુખ શ્રી અરુણભાઈ બુચ પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા,અને પ્રાસંગિક પ્રવચન કર્યું. ત્યારબાદ સૌ સિવિલ હોસ્પિટલમાં ગયા અને દાખલ થયેલા દર્દીઓને ફળો અને બિસ્કિટનું વિતરણ કરવામાં આવ્યું.આમ નાગરિકની દિનની ઉજવણી ગૌરવ પૂર્વક કરવામાં આવી.

# આદર્શ સંસ્કાર સમાજના પ્રમુખપદે પ્રભુદાસ રોહિત નિમાયા

ગાંધીનગર, તા. ૨

આદર્શ સંસ્કાર સમાજની જોળ જિ. આણંદ ખાતે મનુભાઈ રાઠોડના અધ્યક્ષપણા હેઠળ મળેલ વાર્ષિક સામાન્ય સભામાં પ્રભુદાસ રોહિત (નિવૃત્ત આસી. કોન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ)ની આદર્શ સંસ્કાર સમાજના અધ્યક્ષ તરીકે તથા ડી.કે. રાઠોડ (નિવૃત્ત ઉપસચિવ-ઉદ્યોગ અને ખાણ વિભાગ)ની સંચાલક તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. નવનિયુકત હોદ્દેદારોને ૬૩૬, રોહિત સમાજ સમૂહલગ્ન સમિતિ, આણંદ જિલ્લો, સંત રોહિદાસ ઉત્કર્ષ મંડળ તથા જયોતિ એજયુકેશન ટ્રસ્ટ-ગાંધીનગર તરફથી શુભેચ્છા સહ અભિનંદનની વર્ષા કરવામાં આવી હતી.

# ગ્રામીણ ગુજરાતને ખુલ્લામાં શૌચાક્રિયામુકત જાહેર

## સ્વચ્છતા અભિયાન ગરીબોની સેવાનો પ્રકાર છે : રાષ્ટ્રપતિશ્રી : રાજયના 3300 ગામડાઓમાં ઘન કચરાના નિકાલ યોજનાનો પોરબંદરથી પ્રારંભ

ગાંધીનગર, તા. ૨

સમગ્ર ગુજરાત માટે ગર્વરૂપ અવસરમાં રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદે ગ્રામીણ ગુજરાતને ખુલ્લામાં શૌચક્રિયા મુકત જાહેર કર્યુછે. મહાત્મા ગાંધીની ૧૪૯મી જન્મજયંતિ નિમિત્તે પોરબંદરના કીર્તિમંદિર ખાતે યોજાયેલા ગ્રામીણ સર્વગ્રાહી સ્વચ્છતા કાર્યક્રમ દરમિયાન રાષ્ટ્રપતિશ્રીએ આ ગૌરવપૂર્ણ જાહેરાત કરી હતી. આ સાથે તેમણે રાજયના ૩૩૦૦ ગામડાઓમાં ઘનકચરા વ્યવસ્થાપનનો પણ પ્રારંભ કરાવ્યો હતો. તેમણે જણાવ્યુ કે સ્વચ્છતા અભિયાન એ ગરીબોની સેવાનો પ્રકાર છે.

રાષ્ટ્રપતિશ્રીએ વધુમાં કહ્યું કે ગંદકી આપણા માટે અભિશાપરૂપ છે. તેના કારણે અનેક પ્રકારના રોગ ફેલાઈ છે એ આપણે જાણીએ છીએ. આ રોગના કારણે પ્રતિવર્ષ અનેક નાના બાળકોના મોત થાય છે. તેની સામે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૧૪માં સ્વચ્છ ભારત મિશનની શરૂઆત કરી હતી. તેની સિધ્ધી ગુજરાતે ૨૦૧૭માં જ મેળવી લીધી છે તે સારી બાબત છે.

તેમણે કહ્યું કે મહાત્મા ગાંધી આઝાદીના શિલ્પી હતા, તો સરદાર વલ્લભભાઈ પટેલ દેશની એકતાના કર્ણધાર હતા. આ બન્ને મહાનુભાવો ઉદાહરણ આપી સૌ કોઈને આ અભિયાનમાં જોડાવવવાનું આહવાન પણ કર્યું હતું.

ગ્રામીણ ગુજરાત ઓપન



શ્રી કોવિંદે ઉમેર્યુ કે સ્વચ્છતા અભિયાન થકી જ મહાત્મા ગાંધીના સપનાના ભારતનું નિર્માણ થઈ શકશે. તે જ પૂ. બાપુને સાચી શ્રધ્ધાંજલી ગણાશે.

ગુજરાતે દેશને આપ્યા છે. હવે આ દેશને મહાન બનાવવાની જવાબદારી આપણા સૌની છે.

રાષ્ટ્રપતિશ્રીએ મહાત્મા ગાંધી સ્વચ્છતાના કેવા આગ્રહી હતા તેના ડેફીકેશન ફ્રી બનાવવા બદલ તેમણે મુખ્યમંત્રીને અભિનંદન આપ્યા હતા અને વીજળી, કૃષિ, જળ વ્યવસ્થાપન ક્ષેત્રે ગુજરાતની પ્રગતિને બિરદાવી હતી.

# ગાંધીનગરના યુવક પાસેથી સિંગાપુર મોકલવાના બહાને કરોડોની ઠગાઈ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર, રાંદેસણ પાસે ધોળેશ્વર મહાદેવ પાસે આવેલા ગાયત્રી રેસીડેન્સી ખાતે રહેતા એક યુવકને સીંગાપુર મોકલવાનું કહી તેની પાસેથી તબક્કાવાર રૂ.૧.૩૨ કરોડ જેટલી માતબર રકમ ઠગી લઈ ત્રણ ગઠિયાઓએ તેને ચુનો લગાવતાં ભારે ચકચાર મચી ગઈ હતી. આરોપીઓ દ્વારા પૈસા પાછા નહી અપાતાં કે તેને સીંગાપુર નહી મોકલાતાં આખરે કંટાળીને યુવકે આરોપીઓ વિરૂધ્ધ નવરંગપુરા પોલીસમથકમાં ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે આગળની તપાસ હાથ ધરી હતી.

આ અંગેની વિગત એવી છે કે, ગાંધીનગર, રાંદેસણ પાસે ધોળેશ્વર મહાદેવ પાસે આવેલા ગાયત્રી રેસીડેન્સી ખાતે રહેતા યોગીનભાઈ શૈલેષભાઈ પટેલને શહેરના ઘાટલોડિયા વિસ્તારમાં નિર્ણયનગરના નાકે વાસુકાનંદ ફલેટ ખાતે છઠ્ઠા માળે રહેતા આરોપીઓ હર્ષ હરેશભાઈ પટેલ અને હરેશભાઈ પટેલ દ્વારા સીંગાપુર મોકલવાની વાતોમાં ભોળવ્યા હતા અને તેમની પાસેથી ટુકડે ટુકડે માતબર રકમ ખંખેરી હતી. આરોપીઓએ નવરંગપુરા વિસ્તારમાં સીજી રોડ ખાતે આવેલ પટેલ મહેન્દ્રભાઈ સોમાભાઈ આંગડિયા પેઢીની ઓફિસમાં યોગીનભાઈને વિશ્વાસમાં લઈ તેમના મિત્ર મીતુલભાઈ શાહના રૂ.૧.૩૨ કરોડ સીંગાપુર મોકલવા પેટે આપ્યા હતા પરંતુ આરોપીઓ દ્વારા ન તો તેમને સીંગાપુર મોકલાયા કે ન તો પૈસા હજુ સુધી પાછા અપાયા. જેથી યોગીનભાઈ પટેલે ઉપરોકત આરોપીઓ વિરૂધ્ધ નવરંગપુરા પોલીસમથકમાં ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદના આધારે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.




શહેર વસાહત મહાસંઘ : ગાંધીનગર શહેરના પડતર પ્રશ્નોની ચર્ચા - વિચારણા કરવા સંવાદ સભાનું આયોજન વસાહત મહાસંઘ દ્વારા કરાયું હતું. કેસરીસિંહ બિહોલા, મુકેશભાઈ પટેલ, મનુભાઈ મહેતા, વિષ્ણુભાઈ પટેલ, મહેન્દ્રભાઈ ભાવસાર તથા કે. પી. સોલંકી સહિત અગ્રણીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# પોતાનો વ્યવસાય શરૂ કરવા માંગતા દેશના નવયુવાનો માટે પ્રધાનમંત્રી મુદ્રા યોજના લાભદાયી છે

ભારતભરમાં માઈક્રો વ્યવસાય દ્વારા દેશના ૧૨ કરોડથી વધુ લોકો રોજગારી મેળવી રહ્યાં છે. નવયુવાન વ્યવસાયકારો માટે પ્રધાનમંત્રી મુદ્રા યોજના સૌથી વધુ લાભકારી યોજના છે. વ્યાજખોરના ચુંગલમાંથી નાના વ્યવસાયકારોને બચાવા માટે ઉપકાર રૂપ સાબિત થઈ રહી છે, તેવું આજરોજ મહાત્મા મંદિર ખાતેથી મુદ્રા પ્રોત્સાહન અભિયાનનો આરંભ કરાવતાં કેન્દ્ર સરકારના આદિવાસી બાબતોના રાજય મંત્રી જસવંતસિંહ ભાભોરે જણાવ્યું હતું.

ભારત સરકાર, ગુજરાત સરકાર અને રાજય સ્તરીય બેંકર્સ સમિતિ (ગુજરાત) દ્વારા અયોજીત મુદ્રા પ્રોત્સાહન અભિયાનનું દીપ



પ્રાગટ્ય કરીને કેન્દ્રના આદિવાસી બાબતોના રાજયમંત્રી જસવંતસિંહ ભાભોરે જણાવ્યું કે, દેશના ગ્રામ્ય અને શહેરી કક્ષાએ રહેતા કેટલાય યુવાનો કૌશલ્ય ધરાવતા હોવા છંતા પોતાનો વ્યવાસય શરૂ કરવા માટે રૂપિયા બાધા રૂપ બનતાં હોય છે. યુવાધનને પગભર કરવા માટે નરેન્દ્રભાઈ મોદીએ દેશની શાસનધુરા સંભાળી તેના સાથે જ યુવા શકિતને બળ આપવાના ઉમદા આશયથી આ યોજના અમલી બનાવી છે. યોજના થકી આજે દેશના ઘણા યુવાનો પોતાના ધંધા-રોજગારનું સ્વપ્ન સાકાર કરીને રોજગારી આપતાં બન્યા છે.

# શીવાંગન ઈન્ફ્રાટેક ધોલેરા દ્વારા શરદ રાત્રી - ૨૦૧૭ નું આયોજન

ગાંધીનગર, તા. ૨

સમાર્ટ પ્લસ ફીલ્મ એન્ડ ઈવેન્ટ દ્વારા સતત બીજા વર્ષે શરદ પૂર્ણિમાના દિવસે રાસ-ગરબાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યુંછે. શીવાંગન ઈન્ફ્રાટેક ધોલેરા પ્રેઝન્ટ શરદ રાત્રી -૨૦૧૭નું આયોજન આગામી તા.૫ ઓકટોબરને શનિવારના રોજ સાંજે ૭ થી ૧૦ કલાક દરમિયાન ધ્રુવ ફાર્મ એન્ડ પાર્ટી પ્લોટ ગીફટ સીટી રોડ, શાહપુર ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે. આ શરદ રાત્રી કાર્યક્રમમાં તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા ફેઈમ જેઠાલાલ ( દિલિપ જોશી) તેમજ ટપુ (ભવ્ય ગાંધી) ઉપસ્થિત રહેશે.

શીવાંગન ઈન્ફ્રાટેક ધોલેરા પ્રેઝન્ટ શરદ રાત્રી ૨૦૧૭ નું આયોજન ગીફટ સીટી રોડ શાહપુર પાસે ધ્રુવ ફાર્મ એન્ડ પાર્ટી પ્લોટ ખાતે કરવામાં આવ્યું છે. જેમાં સાંજે ૭ કલાકે આરતી યોજાશે. ત્યારબાદ મુખ્ય મહેમાનોનું સન્માન કરવામાં આવશે ત્યારબાદ રાત્રે ૮ થી ૧૦ કલાક દરમિયાન ગરબા યોજાશે. આ ગરબામાં ખૈલેયા ભાઈ-બહેનો માટે વિવિધ કેટેગરીમાં અવનવા રૂ.૨ લાખના ઈનામો પણ આપવામાં આવશે.

# મહિલા કોર્પોરેટરની પ્રિય ડૉગી 'રાની'નું અવસાન થતા દફનવિધિ કરાઈ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર પ્રકૃતિ અને વન્ય પ્રાણીઓ માટે સાનુકૂળ શહેર છે એટલુ જ નહી અહીં મોટી સંખ્યામાં જીવદયા પ્રેમીઓ પણ વસે છે. અનેક નગરવાસીઓ પાલતુ પ્રાણીઓ પાળવાના અને તેમની સાથે સંવેદનાત્મક સંબંધ જાળવવાના શોખીન છે. માત્ર એટલુ જ નહીં પરંતુ જ્યારે પોતાનું પ્રિય પાલતુ પ્રાણી અવસાન પામે ત્યારે તેને સ્વજનની જેમ અનેષ્ઠિક્રિયા કરવાના કિસ્સા પણ અહીં જોવા મળે છે.



શહેરના સે. ૨૯માં રહેતા સ્થાનિક કોર્પોરેટર રોશનબેન યુસુફભાઈ પરમારના ઘરે છેલ્લા ૧૫ વર્ષથી ડાલ્મેશિયન જાતિની એક કૂતરી પાળેલી હતી. જન્મના એક માસમાં ઘરે લાવેલી આ ડૉગી જેનું નામ તેમણે લાડથી 'રાની' પાડ્યું હતું. તેની તેઓ સગી દિકરી જેટલી સંભાળ રાખતા હતા. ૧૫ વર્ષથી આ 'રાની' સાથે તેમની માયા બંધાઈ હતી. ત્યારે આજે મહોરમના દિવસે જ અચાનક રાનીનું અવસાન થતાં સમગ્ર પરિવાર શોકમય બન્યો હતો. અંતે તેમણે પોતાના નિવાસસ્થાનની નજીકમાં જ એક સ્વજનની જેમ 'રાની'ની વિધિવત દફનવિધિ કરાવી હતી. તેમના આ પ્રાણીપ્રેમને જોઈ અનેક પડોશીઓ પણ આ પ્રસંગે ભાવુક બન્યા હતા.

# શાળાઓ દ્વારા ફીના વધારા સામે વાલીઓની ગાંધીગીરી

અમદાવાદ,તા. ૨

શહેરના નિકોલ-નરોડા વિસ્તારમાં આવેલી પી.વસાણી ઈન્ટરનેશનલ, ડિવાઈન ઈન્ટરનેશનલ અને દેવસ્ય ઈન્ટરનેશનલ શાળાઓના તોતીંગ ફી વધારા સામે વાલીઓએ આજે કંઈક અનોખી રીતે વિરોધ કર્યો હતો. ગાંધીજયંતિના દિવસે જ આજે વાલીઓએ ગાંધીગીરી દર્શાવી શાળા સંચાલકોના આત્માને જગાડવનો પ્રયાસ કર્યો હતો. ત્રણેય સ્કૂલોના વાલીઓએ ખૂબ મોટી સંખ્યામાં એકત્ર થઈ હાથમાં વિરોધ સાથેના અને માર્મિક સંદેશા સાથેના બેનરો-પ્લેકાર્ડ સાથે ગાંધીચિંધ્યા માર્ગે વિશાળ રેલી યોજી હતી, જેણે સૌકોઈનું ધ્યાન ખેંચ્યું હતું.

સરકાર દ્વારા ફી નિર્ધારણ કાયદો અમલી બનાવાયો હોવાછતાં કેટલીક શાળાઓ દ્વારા કાયદાની પણ ઐસીતૈસી કરી મનસ્વી ફી વધારો વસૂલાઈ રહ્યો છે, તેની સામે વાલીઓએ ઉગ્ર રોષ પણ વ્યકત કર્યો હતો. નિકાલ-નરોડાની પી.વસાણી ઈન્ટરનેશનલ, ડિવાઈન ઈન્ટરનેશનલ અને દેવસ્ય ઈન્ટરનેશનલ શાળાઓ દ્વારા જૂની ટર્મ પ્રમાણે જ રૂ.૫૫ હજાર સુધીની ફી વસૂલવાનું શરૂ કરતાં નરોડા-નિકાલોના પેરેન્ટ્સ ખૂબ મોટી સંખ્યામાં એકત્ર થયા હતા. ફી નિર્ધારણ કાયદો સરકાર દ્વારા અમલમાં લાવવા છતાં કેટલીક શાળાઓએ હાઈકોર્ટમાં રિટ અરજી કરતાં આ સમગ્ર મામલે કોઈ નિવેડો નહી આવતાં તેની છટકબારીનો લાભ લઈ કેટલીક શાળાઓ દ્વારા તોતીંગ ફી વધારો વસૂલાતાં વાલીઓએ રોષ અને વિરોધ વ્યકત કર્યો હતો.

જો કે, આજે ગાંધી જયંતિ હોઈ વાલીઓએ ગાંધીગીરી મારફતે અનોખી રીતે વિરોધ વ્યકત કરવાનું નક્કી કર્યુ હતું. વાલીઓએ આજે ગાંધી ચિંધ્યા માર્ગે મૌન રહી વિરોધદર્શક પ્લે કાર્ડ અને વિશાળ બેનરો સાથે શાળા સંચાલકોના અંતરાત્માને ઝંઝોળવાનો પ્રયાસ કરતી અનોખી રેલી કાઢી હતી. નિકોલના શુકન ચાર રસ્તાથી મનોહર વીલા સુધી વાલીઓએ ગાંધી ચિંધ્યા માર્ગે વિશાળ રેલી યોજતાં સૌકોઈનું ધ્યાન ખેંચાયું હતું. વાલીઓની ગાંધીગીરીના પ્રત્યાઘાત છેક ગાંધીનગર સુધી પડયા હતા. ખુદ રાજયના શિક્ષણપ્રધાન ભૂપેન્દ્રસિંહ ચુડાસમાને આ સમગ્ર મામલે હૈયાધારણ આપવી પડી હતી કે, કોઈને અન્યાય નહી થાય અને થવા નહી દેવાય. કોર્ટના ચુકાદાની સરકાર રાહ જોઈ રહી છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ